પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨ | ૩ એપ્રિલ, ૨૦૨૨, રવિવાર; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જનસંખ્યા નિયંત્રણ બિલ પાછું ખેંચાયું

### બે બાળકોનો નિયમ લાગુ કરવા માગ કરાઈ હતી : જન સંખ્યાના આંકડા મુજબ દેશમાં જનસંખ્યા વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળી રહ્યાનો સરકારનો રાજ્યસભામાં દાવો

નવી દિલ્હી, તા.૨

જનસંખ્યા નિયંત્રણ પર ભારતીય જનતા પાર્ટીના સાંસદ રાકેશ સિંહા દ્વારા વધારવામાં આવેલા બિલ પર સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ ઈક્રાર કરી દીધો છે. તેમની દખલ બાદ શુક્રવારે સિંહાએ પોતાના બિલને પાછું ખેંચી લીધું હતું. સિંહાએ જૂલાઈ ૨૦૧૯માં પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કર્યું હતું. આ બિલમાં બે બાળકોના નિયમને લાગુ કરવાની માગ કરવામાં આવી હતી અને તેના ઉલ્લંઘન બદલ દંડનીય જોગવાઈઓ માટે પણ જણાવવામાં આવ્યું હતું.

ખાનગી બિલ પર ચર્ચામાં હસ્તક્ષેપ કરતા માંડવિયાએ કહ્યું કે, દેશમાં ખૂબ સારી સારવાર અને



સેવાઓ આપવામાં આવી રહી છે. દેશ બદલાઈ રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક નવું ઈન્ડિયા બની રહ્યું છે. તેમણે બિલ પર ચર્ચા કરતા જણાવ્યું કે, એ સાચું છે કે, વધતી જનસંખ્યા ઘણી સમસ્યાઓનું કારણ છે પરંતુ તેમને પૂરો વિશ્વાસ છે કે, શિક્ષા અને જાગૃતિના પ્રસારથી જનસંખ્યા નિયંત્રણના લક્ષ્યને હાંસિલ કરી શકાશે. મનસુખ માંડવિયાએ રાજ્યસભામાં પરિવાર નિયોજન કાર્યક્રમો અંગે જાણકારી આપી હતી અને એમણે કહ્યું હતું કે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે તથા જન સંખ્યાના આંકડા મુજબ દેશમાં જનસંખ્યા વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એટલે કે લોકો પોતાની રીતે જ સમજીને નાનો પરિવાર રાખી રહ્યા છે.

માંડવિયાના જણાવ્યા પ્રમાણે દેશમાં પ્રજનન દર ૨% પહોંચી ગયો છે. વર્ષ ૨૦૨૫ સુધી તેને હજુ ઓછો કરવા તરફ દેશ આગળ વધી રહ્યો છે. દેશમાં જનસંખ્યા વૃદ્ધિદરમાં પણ સતત ઘટાડો નોંધાય રહ્યો છે. ૧૯૭૧માં જનસંખ્યા વૃદ્ધિ દર ૨.૨૦% હતો જે ૨૦૧૧માં ઘટીને ૧.૬૪% થઈ ગયો છે.

૨૦૧૯માં રાકેશ સિંહ દ્વારા રાજ્યસભામાં જનસંખ્યા નિયંત્રણ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ કેન્દ્રીય આરોગ્યમંત્રી તરફથી ગઈકાલે તેને નકારી દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ ખરડો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. માંડવીયા એ કહ્યું હતું કે સરકાર લોકોમાં જાગૃતિ લાવવા માટે અલગ અલગ કાર્ય કરવામાં આવી રહી છે અને આરોગ્ય અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

## રશિયાએ વિશ્વની પ્રથમ કોરોના માટે નોઝલ વેક્સિન તૈયાર કરી

### રશિયાનું મહત્વપૂર્ણ પગલું : કોવિડ વેક્સિન સ્પુતનિક વી એ નોઝલ વર્ઝનનની નોંધણી કરી, આ વેક્સિન ઈંજેક્શનની તુલનામાં આપવામાં પણ સરળ રહેશે


મોસ્કો, તા.૨

કોરોના મહામારી સામે ચાલુ જંગમાં એક ઐતિહાસિક પગલું ભરતા કોવિડ વેક્સિન સ્પુતનિક વી એ નોઝલ વર્ઝનનની નોંધણી કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, રશિયાની આ નવી વેક્સિન દુનિયાની પ્રથમ નોઝલ વેક્સિન છે.

સ્પુતનિક વી દ્વારા શનિવારે ટ્વીટ કરીને કહ્યું કે, રશિયન સ્વાસ્થ્ય મંત્રાલયે કરોનાની સામે દુનિયાની પ્રથમ નાક દ્વારા આપવામાં આવતી નોઝલ વેકસિન જે સ્પુતનિક વીનું નોઝલ વર્ઝન છે જેની નોંધણી કરી છે.

નોઝલ વેક્સિનને લઈને દુનિયાભરના હેલ્થ એક્સપર્ટનું માનવું છે કે, આનાથી કોરોનાની લડાઈ વધુ સરળ બની જશે અને આ ઈંજેક્શનની તુલનામાં આપવી પણ સરળ રહેશે. દુનિયાના કેટલાક બીજા દેશો પણ નોઝલ વેક્સિનની દિશામાં કામ કરી રહ્યા છે પરંતુ હાલમાં માત્ર રશિયા જ એક માત્ર એવો દેશ છે જે નોઝલ વેક્સિન બનાવવામાં સંપૂર્ણપણે સફળ થયો છે. નાક દ્વારા આપવાના કારણે તેને ઈન્ટ્રાનોઝલ વેક્સિન પણ કહેવામાં આવે છે.

આ અગાઉ નોઝલ વેક્સિનને લઈને એક રશિયન સમાચાર એજન્સીએ જાન્યુઆરી મહિનામાં કહ્યું હતું કે, કોવિડ-૧૯ માટે નાકની રસી લોકો માટે ત્રણથી ચાર મહીનામાં ઉપલબ્ધ



થઈ જશે. આ નોઝલ વેક્સિન કોરોના વાયરસ સ્ટ્રેનની સામે ઘણી અસરકારક સાબિત થશે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં રશિયન સ્વાસ્થ્ય મંત્રાલયે નાક સ્પ્રેના રૂપમાં કોરોના વાયરસ વેક્સિનના પરિક્ષણના રૂપમાં બીજા તબક્કા માટે ગામાલેયા કેન્દ્રને અધિકૃતતા જારી હતી. સ્પુતનિક વી વેક્સિનને ઈમરજન્સી પ્રયોગમાં મોડુ થતા કહેવામાં આવી રહ્યું છે કે, યુક્રેન પર હુમલો કરવાના કારણે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વેક્સિનના મૂલ્યાંકનની પ્રક્રિયામાં મોડુ કરવામાં આવ્યું છે.

## શ્રીલંકામાં કટોકટી જાહેર કરાઈ

### ઠેરઠેર પ્રદર્શન, સ્થિતિ બેકાબૂ : પહેલીવાર દેશમાં કાગળની એવી અછત સર્જાઈ છે કે પરીક્ષાઓ હાલ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ છે

નવી દિલ્હી,તા.૨

શ્રીલંકા હાલ આઝાદી બાદના સૌથી ખરાબ આર્થિક સમયમાંથી પસાર થઈ રહ્યું છે. સ્થિતિ એ હદે કથળી ગઈ છે કે હાલાત સંભાળવા મુશ્કેલ છે. આ બધા વચ્ચે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે દેશમાં કટોકટી લાગૂ કરવાનો નિર્ણય લીધો. બહાર પાડવામાં આદેશમાં કહેવાયું છે કે દેશની સુરક્ષા અને જરૂરી સેવાઓની આપૂર્તિની સ્થિતિ મેનેજ કરવા માટે આ નિર્ણય લેવાયો છે. એક એપ્રિલથી જ કટોકટીનો આ નિર્ણય લાગૂ કરવા કરી દેવાયો છે. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે આ નિર્ણય એવા સંજોગોમાં લીધો છે કે જ્યારે શ્રીલંકામાં તેમની અને તેમની સરકાર વિરુદ્ધ દેશમાં વિરોધ પ્રદર્શન તેજ થઈ ગયુ છે. જ્યારથી શ્રીલંકામાં આર્થિક સંકટ પેદા થયું છે, દેશ દેવાળીયા થવાની કગાર પર આવી ગયો છે ત્યારથી રાષ્ટ્રપતિ વિરુદ્ધ લોકોનો ગુસ્સો ચરમસીમાએ છે. ગુરુવારે પણ તેમના ઘરની બહાર હિંસક પ્રદર્શન થયું. સ્થિતિ એવી વણસી કે પોલીસે પ્રદર્શનકારીઓ પર વોટર કેનનનો મારો કર્યો અને લાઠીચાર્જ પણ કર્યો. હિંક પ્રદર્શન પર રાષ્ટ્રપતિ રાજપક્ષેએ કહ્યું કે મારું માનવું છે કે આ શ્રીલંકામાં જાહેર ઈમરજન્સીની ઘટના હતી.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રતિબંધો હટાવ્યા બાદ અવકાશમાં સહયોગ શક્ય બનશે : રશિયા

### વૈશ્વિક પ્રતિબંધો સામે રશિયાનું આકરૂં વલણ : મોસ્કો સામેના પશ્ચિમી પ્રતિબંધો હટાવી લેવાશે ત્યારે આઈએસએસ- સંયુક્ત અંતરીક્ષ પ્રોજેક્ટ્સ શક્ય બનશે

મોસ્કો, તા.૨

રશિયાએ આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ સ્ટેશન (આઈએસએસ-ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન) સાથેનો પોતાનો સહયોગ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. રશિયાની અંતરીક્ષ એજન્સી રોસકોસમોસના પ્રમુખ દિમિત્રી રોગોજિને આ અંગેની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેમનો દેશ હવે અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસા અને યુરોપીય અંતરીક્ષ એજન્સી સાથે કામ નહીં કરે.

દિમિત્રી રોગોજિનના કહેવા પ્રમાણે હવે જ્યારે મોસ્કો સામેના પશ્ચિમી પ્રતિબંધો હટાવી લેવામાં આવશે ત્યારે જ આઈએસએસ અને અન્ય સંયુક્ત અંતરીક્ષ પ્રોજેક્ટ્સ શક્ય બનશે.

## યુપીમાં શિવપાલ યાદવ હવે ભાજપમાં જોડાવાના સંકેત

નવી દિલ્હી, તા.૨

ભત્રીજા અખિલેશથી નારાજ કાકા શિવપાલ યાદવ હવે ભાજપમાં જોડાય તેવા સંકેત મળી રહ્યા છે. પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના સ્થાપક શિવપાલ યાદવે પીએમ મોદીને અ્ને સીએમ યોગી આદિત્યનાથને ટ્વિટર પર ફોલો કર્યા છે. આ સિવાય યુપીના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર દિનેશ શર્માને પણ ફોલો કરી રહ્યા છે.

શિવપાલ યાદવની આ પ્રકારની કાર્યવાહીથી યુપીના રાજકારણમાં અટકળોનો સિલસિલો ફરી શરૂ થઈ ગયો છે. તાજેતરમાં શિવપાલ યાદવે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી અને એ પછી તેઓ યોગી આદિત્યનાથને મળ્યા હતા.

## માર્ચમાં ગરમીના સદી જૂના રેકોર્ડ તૂટ્યા

### ૧૯૦૧ પછીનો સૌથી ગરમ મહિનો : માર્ચ ૨૦૧૦માં સરેરાશ મહત્તમ તાપમાન 33.0૯ ડિગ્રી હતું

નવી દિલ્હી, તા.૨

બે દિવસ પહેલા પૂરો થયેલો માર્ચ મહિનો ૧૯૦૧ પછી સૌથી ગરમ માર્ચ મહિનો રહ્યો હતો. કદાચ એવું પણ બની શકે કે ૨૦૨૨ ના માર્ચે ૧૨૨ વર્ષ પહેલાનો પણ અનેક વર્ષોનો રેકોર્ડ તોડી નાખ્યો હોય, પરંતુ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ જાણાવી શકશે નહીં કારણ કે ભારતમાં તાપમાનનો રેકોર્ડ ૧૯૦૧ થી રાખવાનું શરૂ થયું હતું. આ વર્ષે માર્ચનું તાપમાન માર્ચ ૨૦૧૦માં નોંધાયેલા મહત્તમ તાપમાનની સર્વકાલીન સરેરાશને વટાવી ગયું છે. માર્ચ ૨૦૧૦માં સરેરાશ મહત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્ફોસિસ રશિયામાંની તમામ ઓફિસ બંધ કરશે

મોસ્કો, તા.૨

આઈટી સેક્ટરની દિગ્ગજ કંપની ઈન્ફોસિસ રશિયામાં પોતાની તમામ ઓફિસ બંધ કરશે. બ્રિટિશ મીડિયાએ કંપનીના સહ-સંસ્થાપક એનઆર નારાયણ મૂર્તિના જમાઈ ઋષિ સુનક પર વ્લાદિમીર પુતિનના શાસનથી નફો કરવાનો આરોપ છે. ઋષિ બ્રિટનના ચાન્સેલર છે. ઈન્ફોસિસે પોતાના માસ્કો સ્થિત કર્મચારીઓને બીજી જગ્યાએ કામ તપાસવા માટે કહ્યુ છે.

અગાઉ ઈન્ફોસિસે સ્થાનિક ઉદ્યમોની સાથે કોઈ પણ સક્રિય વ્યાવસાયિક સંબંધ હોવાનો ઈનકાર કર્યો અને કહ્યુ કે કંપનીએ યુક્રેનમાં યુદ્ધના પીડિતો માટે રાહત માટે ૧ મિલિયન ડોલરનું વચન આપ્યુ હતુ.

ઋષિ સુનકના લગ્ન નારાયણ મૂર્તિની દિકરી અક્ષતા મૂર્તિની સાથે થયા છે. અક્ષતા મૂર્તિની પાસે ઈન્ફોસિસના ૪૦ કરોડ પાઉન્ડથી વધારે શેર છે. જોકે, ઋષિ સુનકે રિપોર્ટસનુ ખંડન કર્યુ છે. લગભગ ૫૦ દેશોમાં હાજરી ભારતની સૌથી મોટી કંપનીઓમાંના એક, ઈન્ફોસિસે ૨૦૧૬માં માસ્કોમાં એક એન્જિનિયરીંગ કેન્દ્રની સ્થાપના કરી હતી. ત્યાં ૧૦૦ લોકો કામ કરે છે.

**જોઈએ છે**

● પેકેઝીંગ માટે : ગ્રેજ્યુએટ લેડીઝ
● મેન્ટેનન્સ માટે : ફીટર તથા મશીનીષ્ટ
● કંપની માટે હેલ્પરો જોઇએ છે.

ઈન્ટરવ્યુ તાઃ૪/૪/૨૦૨૨, સમય : ૧૦ થી ૩ કલાકે

**માઈક્રોમેક સર્જીકલ કોર્પોરેશન**
એ/૭૭, જી.આઈ.ડી.સી, સેક્ટર-૨૫, ગાંધીનગર

એક સંપૂર્ણ ઘરનો અહેસાસ...
॥ स्वराज 9+ ॥
પ્રધાનમંત્રી યોજના દ્વારા રૂ. ૨.૬૭* લાખ સુધી સબસીડીનો લાભ મેળવો.
1 & 2 BHK LIVING SPACE & SHOPS



A PROJECT BY : NAVRATNA CORPORATION
Site : Nr. Viraj Apartment, Pethapur, Gandhinagar.
98241 75219 • 98989 98183
RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA08113/240221 • www.gujrera.gujarat.gov.in

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

શહેરમાં હવે માત્ર **કલ્ચરલની** લહેર ચાલશે...






ગર્વીલો ગ્રીષ્મોત્સવ | જીવનની જડીબુટ્ટી જેવી અર્ક વ્યાખ્યાનમાળા | નવતર નાટકો

કોરોનાની ત્રણ-ત્રણ લહેર સામે ઝઝૂમ્યા પછી આવો ઝૂમીએ...
સુર, સંગીત, નાટક અને આત્મીયજનોની સંગતથી
આપણા જીવનમાં રંગત ભરીએ...
ગાંધીનગર કલ્ચરલ ફોરમનું સભ્યપદ મેળવીએ...

❖ સભ્યપદ માટે સંપર્ક કરો ❖
ગાંધીનગર સમાચાર કાર્યાલય, 684/1, સેક્ટર-8.
પૂજા પાર્લર, સેક્ટર-21 | મહાવીર પાર્લર, ઘ-6
શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ લેબ, સેક્ટર-16
આઈ કોન્ટ્રાસ્ટ, કુડાસણ
RP's Pizzeria, સરગાસણ | R Kitchen, રાયસણ